જે કાર્ય શરૂ કરો તે ધીરજપૂર્વક પૂર્ણ કરો, ક્ષણિક નિષ્ફળતા મળે તો પણ અધુરૂં ન મૂકો
- શેક્સપિયર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૧૬ | ૧૫ ઓક્ટોબર, ૨૦૧૨, સોમવાર; નિજ ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૨૦મીથી ગ્રામ સભા અભિયાન

## દરરોજ તાલુકા દીઠ પાંચ ગ્રામ સભાનું આયોજન : બપોરે ત્રણ વાગ્યાથી સભા આરંભાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં ૨૦મી ઓકટોબરથી ગ્રામસભાનું અભિયાન હાથ ધરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા આયોજન તૈયાર કરવામાં આવી રહ્યું છે અને તે એકાદ દિવસમાં જ પૂર્ણ કરી દેવાશે.

જિલ્લાના ૨૯૫ ગામોમાં આ ગ્રામસભા અભિયાન યોજવામાં આવશે. આ અભિયાનમાં રોજની તાલુકા દીઠ પાંચ જેટલી ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવશે અને બપોરે ૩ વાગ્યાથી આ અભિયાનનો આરંભ થશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ અભિયાન દરમિયાન જિલ્લા કક્ષાના ૪૦ જેટલા અધિકારીઓને લાયઝન અધિકારી તરીકેની જવાબદારી સોંપવામાં આવશે અને આ અધિકારીઓ ગ્રામસભામાં હાજરી આપશે.

રાજયમાં ગ્રામસભા અભિયાન ચાર તબક્કામાં યોજાતું હોય છે. આ અભિયાન ગ્રામ વિકાસ માટેનું અભિયાન છે. પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ અભિયાન મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાનું લેબર બજેટ જ ચર્ચામાં મુકવામાં આવશે.

પંચાયતના સૂત્રોએ જણાવ્યું છે કે નવેમ્બર દરમિયાન આ બજેટ તૈયાર કરી દેવાનું ફરજીયાત છે અને ત્યારબાદ તે બજેટને આધારે જિલ્લા કક્ષાનું બજેટ તૈયાર થતું હોય છે જે સામાન્યતઃ ડિસેમ્બર દરમિયાન આખરી કરાતું હોય છે.

આ બજેટને ગ્રામસભાની મંજૂરી મળ્યા બાદ તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત અને જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં રજુ થતું હોય છે. ચૂંટણીની આચાર સંહિતા અમલી હોવાથી માત્રને માત્ર લેબર બજેટ સિવાય અન્ય કોઈ પણ પ્રકારની કામગીરી આ ગ્રામસભા અભિયાનમાં હાથ ધરાશે નહિ.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામસભાઓ યોજવા અંગે ચૂંટણી પંચની મંજૂરી મેળવવામાં આવશે અને આ મંજૂરી માટે આયોજનો તૈયાર કરી વિભાગને મોકલવામાં આવશે. પંચની મંજૂરી મેળવી આ અભિયાનનો આરંભ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર અંતર્ગત ચાલુ વર્ષનું લેબર બજેટ રૂ. ૮ કરોડનું તૈયાર કરવામાં આવ્યું હતું જે પૈકી ૬૦ ટકાથી પણ વધુ રકમનો ખર્ચ

● અનુસંધાન પાન-૫ પર



જગત જનની મા અંબાની આરાધનાની નવરાત્રી આવી પહોંચી છે. બ્રહ્માંડને અજવાળતી જ્યોતિનું પ્રતીક એટલે 'ગર્ભ દીપક' એટલે કે આપણો ગરબો તૈયાર થઈ ચૂક્યો છે અને મોટાભાગનાં ઘરોમાં પહોંચી પણ ગયો છે. પરંપરાગત રીતે ઘરોમાં આજેય ગરબાની સ્થાપના કરવામાં આવે છે અને નવરાત્રી દરમ્યાન ઘરે-ઘરે માતાજીની પૂજા-અર્ચના-આરતી કરવામાં આવે છે. (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં ચૂંટણીના ૫૦ ટકા કર્મયોગીઓના પોસ્ટલ બેલેટનાં ફોર્મ અધૂરાં ભરાયાં

### ચૂંટણી ફરજ માટે જિલ્લામાં વિધાનસભાની પાંચેય બેઠકો પર ૧૦ હજાર કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે જેમાં ૫૦ ટકા કર્મચારીઓ પોસ્ટલ બેલેટ માટેનાં ફોર્મ અધૂરાં ભરતાં તંત્ર ચોંકી ઉઠ્યું હતું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી ફરજ માટે પસંદગી પામેલા ૫૦ ટકા કર્મચારીઓએ પોષ્ટલ બેલેટ માટેના ફોર્મ અધુરા ભરી અને રજુ કરતાં જિલ્લાતંત્ર ચૌંકી ઉઠ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે ૧૦ હજાર જેટલા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. આ માટે જરૂરી ડેટા એન્ટ્રી પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.

ચૂંટણીપંચે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત સર્વિસ વોટર્સ ઉપરાંત ચૂંટણીની ફરજોમાં રોકાયેલા કર્મચારીઓ પણ મતદાનથી અળગા ન રહે તે માટે ત્રણ નવી કેટેગરી ઉભી કરી આ કર્મચારીઓ માટે પોષ્ટલ વોટર્સની સુવિધા આપવાનો નિર્ણય કર્યો હતો. પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાતંત્રએ આ બધાજ કર્મચારીઓને પોષ્ટલ બેલેટ માટેના ફોર્મનું વિતરણ કરી અને ભરી આપવા માટે જણાવ્યું હતું. આ ફોર્મમાં એપિકકાર્ડ, મતદાર વિભાગ અને અન્ય બાબતો દર્શાવવાની હતી.

મળતી વિગતો પ્રમાણે ૫૦ ટકા કર્મચારીઓએ અધુરી વિગતો સાથેના ફોર્મ ભરીને તંત્રને પરત કરતાં તંત્ર પણ ચૌંકી ઉઠ્યું છે. આથી જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે તમામ ચૂંટણી અધિકારીઓને કડક તાકીદ કરી આ બધી વિગતો તાત્કાલિક ભરી પુનઃ રજુ કરવા જણાવ્યું છે.

ચૂંટણી અધિકારીઓએ પણ આ બાબતે તમામ કર્મચારીઓને તાત્કાલિક ખૂટતી વિગતો રજુ કરવા માટેની જરૂરી સૂચનાઓ જારી કરી દીધી છે.

ચૂંટણીની ફરજ બજાવનાર કર્મચારીઓના આવા ઉદાસીન વલણને લઈ કર્મચારીઓમાં પણ મુદ્દો ચર્ચાનો બન્યો છે.




# બંને પક્ષે પ્રચારનાં ભાથાનાં તીર ઘટી રહ્યાં છે

## પ્રચારમાં આતંકવાદ અને હિન્દુત્વ તો ગાયબ : ભાજપ વર્સિસ યુપીએ ગવર્મેન્ટ, કોંગ્રેસ માટે મોદીના શાસનની ખામીઓ : પ્રજાને લાભ થાય તેવા મેનિફેસ્ટોની મોસમ ખીલશે

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)**

ગાંધીનગર, તા.૧૩

વિધાનસભાની ચૂંટણી જાહેર થાય તે પૂર્વે બન્ને પાર્ટીઓએ યાત્રાઓ કાઢીને ગુજરાતનો ફેરો કર્યો છે પરંતુ હવે ઓક્ટોબરના મધ્ય થી નવેમ્બર મહિના દરમ્યાન ચૂંટણી પ્રચારના મુદ્દાઓનો દુકાળ પડશે. જો કે આશ્ચર્ય સાથે આ વખતે હિન્દુત્વના મુદ્દાને ભૂલાયો છે. કોઈ પાર્ટી આ મુદ્દાને, ખાસ કરીને ભાજપે ઉપયોગ કરવાની શરૂઆત કરી નથી. આતંકવાદનો મુદ્દો પણ નથી.

કોંગ્રેસ અને ભાજપના ભાથામાં જેટલા તીર હતા તેટલા ખેંચાઈ ચૂકયાં છે. હવે નવા મુદ્દાઓની તલાશ છે. ગુજરાતમાં ૨૦૧૨ની ચૂંટણી પણ ૨૦૦૭ની તરાહ ઉપર લડાશે તેમ લાગી રહ્યું છે, કારણ કે મોદી અને ભાજપ પ્રદેશ કોંગ્રેસ સામે ફાઈટ કરી રહ્યું નથી પણ ભાજપ વર્સિસ યુપીએ ગવર્નમેન્ટ છે, જ્યારે કોંગ્રેસ પાસે મોદી શાસનની ખામીઓ છે. હવે પ્રજાને અસર કરે તેવા ચૂંટણી મેનિફેસ્ટોની મોસમ શરૂ થશે.

કોંગ્રેસ-એનસીપી ગઠબંધનના ૧૮૨ અને ભાજપના ૧૮૨ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પાર્ટીના પ્રદેશ નેતાઓ અને પદાધિકારીઓને એક્ટિવ કરી દેવામાં આવ્યા છે તેમ

● અનુસંધાન પાન-૭ પર







